ઓક્ટોબર ૨૦૧૫
કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## આરાધના વિરાધના



# આરાધના-વિરાધના

સંપાદકીય

બાળમિત્રો,

આરાધના-વિરાધના શબ્દ તમને બહુ મોટો અને અઘરો લાગતો હશે, ખરું ને ? પણ સાદી ભાષામાં લઈએ તો કોઈના ગુણગાન ગાઈએ એ 'આરાધના' કરી કહેવાય અને જે વ્યક્તિની આરાધના કરતા હોઈએ એનું જ અવળુ બોલીએ એ 'વિરાધના' કરી કહેવાય. દરેક વ્યક્તિમાં ભગવાન બેઠાં છે માટે કોઈની વિરાધના કરવી એ બહુ મોટું જોખમ ગણાય છે.

પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આરાધના-વિરાધનાના પરિણામને સુંદર રીતે વર્ણવ્યા છે. તો આવો, આપણે આ પરિણામોને સમજીએ અને અત્યાર સુધી થયેલી વિરાધનાને ધોઈ, આરાધના તરફ વળીએ અને નક્કી કરીએ કે આરાધના ન થાય તો કંઈ નહીં, પણ કોઈની વિરાધનામાં તો પડવું જ નથી.

-ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૨
સળંગ અંક : ૮૬
ઓક્ટોબર ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

અક્રમ
એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...

## "જો જ્ઞાનની વિરાધના થઇ તો પરમાત્માની વિરાધના થઇ ગણાય !"



*આરાધના એટલે ઊંચે ચઢવું. જે કામથી આપણે ઊંચે ચઢી શકીએ એ આરાધના કહેવાય. એટલે કે જે જીવો ઊંચે ચઢી ગયેલા હોય, આપણાથી બે ડીગ્રી ઊંચા હોય, એમનાં ગુણગાન કરીએ, એમની ભક્તિ કરીએ, એમની સેવા કરીએ તો એ આરાધના કહેવાય. એમ કરવાથી આપણાથી પણ ઊંચે ચઢાય. અને એમનાં જ અવગુણ બોલ્યા, નિંદા કરી તો વિરાધના કહેવાય.*

*એક કલાકની વિરાધના હજારો જન્મ ખલાસ કરી નાખે એવી છે. એનાથી તો નર્યા દુ:ખો ઊભાં થયા છે. માટે આરાધના ના થાય તો વાંધો નથી, પણ વિરાધના ના થાય એટલું સાચવજો. સાધુ, સંન્યાસી, સાધ્વીજી, મંદિરમાં, દેરાસરમાં, દેવની, કોઈની વિરાધના ના કરવી જોઈએ.*

*ભગવાને ખરી વિરાધના કોને કહી ? 'જ્ઞાન'ની વિરાધનાને. જ્ઞાન એ જ આત્મા છે ! એટલે જો જ્ઞાનની વિરાધના થઈ તો પરમાત્માની વિરાધના થઈ ગણાય !*


*જ્ઞાની પુરુષ કે ગુરુ કે કોઈને પૂજ્યા હોય, પછી જો કદી એમનાથી ભૂલચૂક થઈ જાય તો અવળું દેખે ને લોક વિરાધના કરી નાખે. ગુરુ કર્યા પછી જો વિરાધના કરવાના હો, તો ગુરુ કરશો નહીં. નહીં તો ભયંકર દોષ છે. ગુરુની જો ભૂલ દેખાય તો તું માર્યો ગયો જાણજે.*

### ધર્મપુસ્તકની અશાતના

*વિરાધના અને અશાતના નજીક નજીકનું જ કહેવાય. ધર્મપુસ્તકને ગમે તેમ નાખે કે ફેંકે, એ બધી અશાતના કહેવાય. એનાથી જ્ઞાન પર આવરણ આવે અને બધાય પ્રકારના કર્મો બંધાય જાય. એટલે પુસ્તકની અશાતના એ જ્ઞાનીની અશાતના જેવી જ છે.*


*કોઈ જીવની કિંચિત્‌માત્ર વિરાધના ના કરે એનાથી મોક્ષ મળે અને વિરાધના થઈ જાય તો પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ કરી આ ભૂલને ધોઈ નાખવી. માફી માગી લે એ આ દુનિયાથી છૂટો થાય.*

# આ તો નવી જ વાત !



આરાધના કોનું નામ ?
જેની આરાધના કરી, એની
ક્યારેય વિરાધના ના થાય, ભલે
જીવન-મરણનો પ્રશ્ન હોય !
આરાધના એટલે આરાધના.

કોઈ જીવને
કિંચિત્‌માત્ર દુઃખ થાય, એવી
વિરાધના બંધ થઈ જાય, એનું નામ
આરાધના. કોઈ ગાતું હોય ને આપણે
તેની મશ્કરી કરીએ તો વિરાધના કરી
કહેવાય. વિરાધના કરીએ એટલે આપણો
રાગ બગડી જાય. અને જો તમે એની
આરધના કરો એટલે કે ગુણ ગાઓ કે
‘બહુ સરસ’ કહો, તો તમને ના
આવડતું હોય તોય આવડી જાય.
જેની આરાધના કરો એના જેવું
થઈ જાય.



જ્ઞાનની વિરાધના કરે એટલે બુદ્ધિ ઉપર આવરણ આવી જાય. એટલે મુરખ જેવો રહે.









ધર્મની વિરાધના કરવાથી તો બહુ દુઃખ હોય. ધર્મની વિરાધના એટલે શું, કોઈ જીવને  કિંચિત્‌માત્ર દુઃખ થાય એવો ભાવ કરવો, એ ધર્મની વિરાધના. એનાથી તો નર્યાં દુઃખો ઊભાં થયા છે. ત્યારે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવા ભાવ આપણને રહે, એટલે ધર્મ થયો જ.



# વિરાધનાના પરિણામ

પદ્મપુર નગરમાં અજીતસેન નામે રાજા રાજ્ય કરતો હતો. એમને વરદત્ત નામે કુંવર હતો. કુંવર રંગે, રૂપે રૂડો-રૂપાળો હતો, પણ બુદ્ધિને અને એને બાર ગાઉનું છેટું હતું. ભલભલા પંડિતો એને ભણાવવા આવ્યા પણ એ ન ભણ્યો તે ન જ ભણ્યો.

વરદત્ત કુંવરની વાણી એવી કઠોર હતી કે કોઈને સાંભળવી પણ ન ગમે. એનું સંગીત માથું ચડાવે. રાજાને ઘણી વાર ચિંતા થતી, "આ કુંવર કેવી રીતે રાજપાટ ચલાવશે ? હું આટલો ચતુર અને મારો પુત્ર આવો ગમાર!"

એવામાં વરદત્ત કુંવરના આખા શરીરે કોઢ ફાટી નીકળ્યો.

આ જ ગામમાં સિંહદાસ નામે ખૂબ ધનવાન શેઠ રહેતા હતા, જેમને ગુણસુંદરી નામે એક પુત્રી હતી. ગુણસુંદરી ભારે દેખાવડી હતી. પણ જન્મથી જ મૂંગી-બહેરી હતી. યુવાનીમાં આવતા જ ગુણસુંદરીના શરીરે પણ કોઢ ફાટી નીકળ્યો. કોઈ પણ ઔષધ, ઉપચાર કામ નહોતા લાગતા. શેઠના શોકનો પાર નહોતો.

એકવાર એ નગરમાં એક જ્ઞાની આચાર્ય ભગવંત પધાર્યા. રાજા અજીતસેન અને સિંહદાસ બંને એમના દર્શન માટે ગયા. વંદીને તેઓએ પોત-પોતાના પુત્ર-પુત્રીની વિપદા કહી અને પૂછ્યું, "હે પ્રભુ, અમારા માથે આવો દુઃખનો ડુંગર કેમ તૂટી પડ્યો ? આનું શું કારણ ?"

આચાર્ય બોલ્યા, "આ કારણને વિગતથી સમજવા, એક કથા સાંભળો....

ખેટપુર નગરમાં શેઠ જિનદેવ અને પત્ની સુંદરી એમના પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ સાથે રહેતા હતા. શેઠે પાંચેય પુત્રોને અભ્યાસ માટે અધ્યાપક પાસે મૂક્યા. પરંતુ પાંચેય પુત્રો આળસુ અને અવિનયી હતા. ભણવામાં એમને કોઈ જ રસ નહોતો. અરસપરસ ગપ્પા મારવામાં

તેઓ પોતાનો સમય પસાર કરતા.

અધ્યાપકને થયું કે શિક્ષા કર્યા વિના આ છોકરાઓ ભણવાના નથી જ. તેથી એમણે છોકરાઓને સોટી વડે ફટકાર્યા. છોકરાઓ રડતા રડતા ઘરે આવ્યા. સોટીથી શરીર ઉપર પડેલા ઘા એમણે એમની માતાને દેખાડ્યા.

''આ શું ?'' સુંદરીને ઘા જોઈને ધ્રાસકો પડ્યો.

''અધ્યાપકે અમને સોટીથી માર્યા છે.'' છોકરાઓ બોલ્યા.

આ જોઈને કુબુધ્ધિ ધરાવતી સુંદરી તરત બોલી, ''તમે એમ કરો. તમારે ભણવાની કંઈ જ જરુર નથી. આ જગતમાં બોલબાલા એની જ છે, જેની પાસે સંપત્તિ છે. પૈસાવાળો ભલેને મહામૂર્ખ હોય, પણ નિર્ધન પંડિત એની પાસેય નાનો બની જતો હોય છે. માટે જેની પાસે લક્ષ્મી છે તે બધા જ ગુણોનો ભંડાર છે. માટે હે પુત્રો ! હવે તમારે ભણવા જવાનું નથી. તમારો અધ્યાપક તમને કદાચ તેડવા આવે તો તેને દૂરથી જ પથ્થર વડે મારજો''

આ પ્રમાણે શિખામણ આપીને સુંદરીએ એમના લેખન, પાટી, પુસ્તક વગેરે બધું જ અગ્નિમાં નાખીને બાળી નાખ્યું.


આમ પૂર્વભવમાં પુત્રો પરના રાગે એને જ્ઞાન પ્રત્યે દ્વેષ કરાવડાવ્યો. અને એ જ્ઞાનદ્વેષના કારણે એણે જ્ઞાન અને જ્ઞાનના સાધનો આગમાં નાખી દઈને ભયંકર જ્ઞાનાવર્ણીય કર્મ બાંધી નાખ્યું.

જ્યારે શેઠ જિનદેવને આ હકીકતની જાણ થઈ ત્યારે એમણે સુંદરીને ખૂબ ઠપકો આપ્યો પરંતુ સુંદરીએ જિનદેવનેય સંભળાવી દીધું કે 'તમે પોતેય પંડિત જ છો ને ? તમે જગતનું ક્યું દારિદ્ર કાપ્યું છે ? બાકી સુખ તો પુણ્યથી જ મળે છે. કાંઈ ભણવા-ભણાવવાની જંજાળથી મળતું નથી.'

જિનદેવ એ વખતે તો મૌન થઈ ગયા પણ જ્યારે પુત્રો મોટા થયા ત્યારે એમણે સુંદરીને કહ્યું, 'તેં પુત્રોને અભણ રાખીને એમનો જન્મ વ્યર્થ કરી નખ્યો. કારણ કે એમને કન્યા આપવા કોઈ જ તૈયાર થતું નથી.'

'એમાં મારો કોઈ દોષ નથી. દોષ બધો તમારો જ છે. કારણ કે પુત્રો પિતા જેવા જ હોય છે અને પુત્રીઓ માતા જેવી





હોય છે'

સુંદરીના આ જવાબથી શેઠ જિનદેવ ભારે આવેશમાં આવી ગયા છે. 'પાપિણી ! તું મારી સામે બોલે છે ?' આમ કહીને એમણે બાજુમાં પડેલ પથ્થર ઉઠાવીને સુંદરીને માર્યો. માથામાં ચોટ લાગવાથી તે તુરંત મરણ પામી અને ત્યાંથી મરીને શેઠ, એ તમારી પુત્રી ગુણસુંદરી થઈ છે."

કથા સમાપ્ત કરતા આચાર્ય બોલ્યા, "શેઠજી, પાછલા ભવમાં, વિદ્યાની, પુસ્તકોની અને પંડિતની ભયંકર વિરાધના કરવાના ફળરૂપે આ ભવમાં એ મૂંગાપણા અને રોગોથી પીડિત છે."

આ સાંભળી, અજીતસેન રાજાએ ગુરૂમહારાજને પૂછ્યું, "હે ગુરૂદેવ ! મારો પુત્ર વરદત્ત એક અક્ષર પણ ભણી શકતો નથી તથા કોઢના રોગથી પીડિત છે તેનું શું કારણ છે, તે કૃપા કરી જણાવો."

"હે રાજન ! તમારા પુત્રની આવી દશા શાથી થઈ તે જાણવા તેનો પૂર્વભવ સાંભળો," ગુરૂ મહારાજ બોલ્યા.

"વસુસાર અને વસુદેવ નામના બે ભાઈઓ હતા. એક મુનિનો ધર્મ ઉપદેશ સાંભળી બંનેને વૈરાગ્ય ઉપજ્યો અને બંને સાધુ થયા."

સાધુ થયા પછી વસુદેવે વિદ્યા માટે જાત ગાળી નાખી. એ સ્વાધ્યાય કરતો અને સિદ્ધાંત ભણતો. ગુરૂદેવે વસુદેવને યોગ્ય જાણી એને આચાર્ય પદવી આપી.

વસુદેવ આચાર્ય રોજ પાંચસો સાધુને ઉપદેશ આપતા. એક દિવસની વાત છે. વસુદેવનું શરીર નરમ હતું. તેઓ બપોરના વિશ્રામ કરતા હતા, ત્યારે એક સાધુ આગમનો અર્થ પૂછવા આવ્યા. આચાર્યે ઊઠીને અર્થ કહ્યો અને પાછા વિશ્રામ લેવા આડા પડ્યા.

ત્યાં બીજો સાધુ અર્થ પૂછવા આવ્યો. આચાર્ય વળી બેઠા થયાને અર્થ કહ્યો. આમ ને આમ એક આવ્યાને બીજા ગયા. આચાર્યથી વિશ્રામ થયો નહીં. તાવ ખૂબ ચડી ગયો. આચાર્યને વિચાર આવ્યો, "અરે, જાણકારને જ દુનિયામાં દુ:ખ છે. જુઓને આ મારો ભાઈ વસુસાર કેવો નિરાંતે ઊંઘે છે ! નથી કંઈ ચિંતા ! નથી કંઈ ઉપાધી ! આજથી હું પણ નક્કી કરું

છું કે જેને ભણવું હોય એ ભણે અને ન ભણવું હોય એ જાય ચૂલામાં ! આપણે તો નિરાંતે ખાઈ-પીને લહેર કરીશું. આજથી નવા પાઠ વિચારવા નથી અને સમજાવવા પણ નથી. મૌન ધારણ કરી લઉં છું, એટલે બધી માથાકૂટ છૂટી.''

આચાર્ય વસુદેવ બાર દિવસ મૌનપણે રહ્યા. એક દિવસ એકાએક એમને દર્દ ઉપડ્યું અને તેઓ મૃત્યુ પામ્યા.

વાત સમાપ્ત કરતા આચાર્ય બોલ્યા, ''હે રાજન, એ વિદ્વાન આચાર્ય, દેવદત્ત રૂપે તમારે ત્યાં જન્મ્યા. મનથી એમણે જ્ઞાન માટે અવળું ચીતર્યું, જ્ઞાનની વિરાધના કરી અને

## ''જો તેઓ દિલથી પ્રતિક્રમણ કરશે અને જ્ઞાનનું આરાધન કરશે તો આ ગુનામાંથી છુટકારો પામશે''


તેથી જ આ ભવમાં એમને જ્ઞાનનો એક અક્ષરેય પચતો નથી.''

''પ્રભુ, આ વિરાધનાના ફળમાંથી છૂટવાનો કોઈ ઉપાય ખરો?'' અજીતસેન અને સિંહદાસ શેઠે નમ્રતાથી પૂછ્યું.

''જો તેઓ દિલથી પ્રતિક્રમણ કરશે અને જ્ઞાનનું આરાધન કરશે તો આ ગુનામાંથી છુટકારો પામશે'', આચાર્યે ઉપાય દેખાડ્યો.


વરદત્ત કુંવર અને ગુણસુંદરી ત્યાં હાજર હતા. ગુરૂદેવના કહ્યા પ્રમાણે એમણે દિલથી પ્રતિક્રમણ કરી, જ્ઞાનનું આરાધન કરવાનું નક્કી કર્યું. આખી જિંદગી તપ આદર્યા અને હોંશ પૂર્વક સ્વાધ્યાય કર્યો.


જેમ વિરાધના નીચે પછાડે એમ આરાધના ઉંચે ચડાવે. આખી જિંદગી દિલથી અને હોંશથી આરાધના કરવાના ફળ રૂપે મૃત્યુ પછી બંને જીવો દેવલોકમાં જન્મ પામ્યા.



# અચળ શ્રદ્ધા


દેવલોકમાં શ્રેણિક રાજાની જીન દેવ, જીન સાધુ-સાધ્વીઓ અને જીન ધર્મ પ્રત્યેની અસાધારણ શ્રદ્ધાની ખૂબ પ્રશંસા થતી.
આ સાંભળી એક વાર,
શ્રેણિકની આટલી બધી પ્રશંસા શાને ? ચાલ, આજે હું પણ જોઉં કે શ્રેણિકની શ્રદ્ધા કેટલી અડગ છે !
મહારાજ, પેલા મુનિને જુઓ. વેશ તો એમનો જૈન સાધુને મળતો આવે છે.
પણ એમના એક હાથમાં માછલા પકડવાની જાળ છે અને બીજા હાથમાં માંસ ભક્ષણ કરવાને તૈયાર હોય એમ લોહીથી ખરડાયેલો છે.


જૈન સાધુની આવી દયાજનક સ્થિતિ જોઈ રાજા શ્રેણિક ધ્રુજી ઉઠ્યો. રાજાને પોતાની પાસે આવતો જોઈ મુનિએ જાળ પાણીમાં નાખી.
જાળમાં માછલા પકડવાનો આનો નિત્ય અભ્યાસ લાગે છે.
અરે, મહારાજ ! એક જૈન સાધુ થઈ આટલી નિર્દયતા બતાડતા તમને કંઈ લાજ નથી આવતી ?
તું મારા જેવા કેટલાકને અટકાવી શકશે ? સંઘમાં મારા જેવા એક નહીં પણ અસંખ્ય મુનિઓ પડ્યા છે, જેઓ આ પ્રમાણે મત્સ્ય, માંસ વડે આજીવિકા ચલાવે છે.
મહાવીર સ્વામીના સંઘના મુનિઓ આવા ભ્રષ્ટ ! પ્રભુના માર્ગને અપનાવનાર આવો માર્ગ સ્વીકારે, એ કેવું ત્રાસદાયક કહેવાય !
સેનાપતિ, એક મુનિનો આચાર જોઈને આખા સંઘ માટે અવળો અભિપ્રાય બાંધીએ, એ ભયંકર મોટી વિરાધના કહેવાય.


અને ભગવાન તો આપણને જીવ માત્ર માટે અવિરાધક ભાવ રાખવાનું શીખવે છે. તો આ મુનિની વિરાધના પણ આપણને ના જ શોભે.
થોડે દૂર એમને એક સાધ્વીજી મળ્યા. સાધ્વીજીના હાથ-પગના તળિયા રંગથી રંગેલા હતા. આંખમાં આંજેલા કાજળથી એમની આંખો કૃત્રિમ તેજથી ચમકતી હતી.
આ જોઈ સેનાપતિ ઉકળી ઊઠ્યો.
સાધ્વીને તો વળી આવા શૃંગાર અને અલંકાર હોય ?
તમે મને એકલીને આજે આ વેશમાં નિહાળી કદાચ સ્તબ્ધ બન્યા હશો.
પણ હે રાજન, આખો સાધ્વી સંઘ મારા જેવી સ્ત્રીઓથી ઊભરાઈ રહ્યો છે. જૈન સાધુ અને સાધ્વીઓમાં રાખેલી શ્રદ્ધા કેટલી અસ્થાને છે તે હવે તમે જોઈ શક્યા હશો.


મારી શ્રદ્ધા પર મને રાઈ માત્ર શંકા નથી. મહાવીર પ્રભુનો સાધુ-સાધ્વીનો સંઘ ભ્રષ્ટ ન જ હોય શકે. હું હજી પણ એમ જ માનું છું કે જૈન સાધુ-સાધ્વીનો સંઘ પવિત્ર જ છે.
જે ધર્મની આરાધના કરવાથી હું ઊંચે ચડ્યો છું, એની વિરાધના હું કોઈ કાળે નહીં કરું !
અંતે શ્રેણિક રાજાની કસોટી કરવા આવેલા દર્દુરાંક દેવ રાજાના પગે પડ્યા.
મહારાજ, આપની અચળ નિશંક શ્રદ્ધાને ધન્ય હો !
આમ, વિપરીત સંજોગોમાં પણ શ્રેણિક રાજાનો શ્રદ્ધા દીપ ના ઓલવાયો. આવી અચળ શ્રદ્ધા ધરાવનાર શ્રેણિક રાજા આવતી ચોવીશીના પહેલા તીર્થંકર બનશે.

# ભક્ત સૂરદાસ



એક ગરીબ બ્રાહ્મણ માંડ માંડ પોતાના કુટુંબનું પોષણ કરતો. ત્યાં એના ઘરે ચોથો છોકરો જન્મ્યો અને તે પણ આંધળો ! બ્રાહ્મણને થયું, "આ મને શું કામ લાગવાનો છે ? આ શું મને કમાઈ આપવાનો છે ?" એટલે પિતાએ દીકરાની ઉપેક્ષા કરવા માંડી. આમ, દીકરાને બાપનો પ્રેમ ન મળ્યો પણ માનું ભરપૂર વહાલ મળ્યું. મા એને ખોળામાં લઈને બેસે અને હળવે સાદે ભજનો ગાતા શીખવે. દીકરો પાંચ-છ વર્ષને થયો, ત્યાં તો એને કેટલાંયે ભજનો કંઠસ્થ થઈ ગયાં. એનો કંઠ પણ મધુર હતો.

બાળકના ઘર આગળથી ભજન મંડળીઓ પસાર થાય ત્યારે બાળક માને કહેતો, "મા, મારે પણ એમની જોડે જઈને ભગવાનની ભક્તિ આરાધના કરવી છે !" આ સાંભળી માની આંખોમાં આંસુ આવી જાય. દીકરાને છાતીએ વળગાડીને કહેતી, "બેટા, તું આંખે દેખે નહીં, ત્યાં તને કોણ સંભાળે ?" ત્યારે દીકરો માને કહેતો, "મા, ભગવાન તો મને સાંભળશેને ?"

આ બાળક હતો ભક્ત સૂરદાસ. એક વાર એક શ્રીમંતે કામના બદલામાં સૂરદાસના પિતાને બે સોના મહોરો આપી. પિતાને ચિંતા થઈ કે નાનકડા ઘરમાં સોના મહોરો રાખવી ક્યાં ? એટલે એમણે એ મહોરોને એક ચીંથરામાં બાંધી ઓશિકા હેઠળ રાખી. રાત્રે, ઉંદરોએ ચીંથરાને તેમના દરમાં લઈ ગયા. સવારે શોધાશોધ થઈ ગઈ. સૂરદાસે પિતાને કહ્યું. "હું તમને શોધી આપું," પણ સાથે સાથે શરત મૂકી કે "જો મહોરો મળી જાય તો તમારે મને ઘરમાંથી મુક્ત કરવો." પિતાને તો ક્યાં વાંધો જ હતો ?


સૂરદાસે મહોરોનું ચીંથરું શોધી આપ્યું અને તે જ વખતે પોતાની લાકડી સંભાળી અને ઘરમાંથી ચાલવા માંડ્યું. માએ દીકરાને રોકવાની કોશિશ કરી, "અરે દીકરા, તું ક્યાં જાય છે ? તને કોણ સંભાળશે ?" સૂરદાસે કહ્યું, "મા, તું શીદને ચિંતા કરે છે ? જે નાથ સૌને સંભાળે છે તે મનેય સંભાળશે."

સૂરદાસ ચાલતો ચાલતો એક ગામમાં આવ્યો. તે ગામના તળાવની પાળે બેઠો અને ધીમા સાદે ભજનો ગાવા લાગ્યો. ભજનો સાંભળી એક પછી એક લોકો ભેગા થવા લાગ્યા. ગામના લોકો સૂરદાસના ભજનોથી ખૂબ ખુશ થયા અને એ જ ગામમાં એને રહેવા માટે એક ઝુંપડી બાંધી આપી. હવે તેઓ પદો રચવા લાગ્યા અને પોતાના રચેલા પદો ગાતા પણ ખરા.

એમના પદોમાં પ્રભુ પ્રત્યે અપાર આરાધના છલકાતી હતી. લોકો પણ એમના પદો ગાતા

અને તેનો પ્રચાર કરતાં. આમ કરતા કરતા સૂરદાસ અઢાર વર્ષના થયા. પ્રભુના અજોડ ભક્ત તરીકે એમની ખ્યાતિ ફેલાવવા લાગી. પણ ખ્યાતિમાં બંધાવું એમને પસંદ નહોતું, એટલે કોઈ જાણે તે પહેલાં એમણે તે સ્થળ છોડી દીધું ને આગ્રા-મથુરાની વચમાં યમુના કિનારે ગૌઘાટ પર એકાંતમાં રહેવા માંડ્યું.

આ ઘાટ પર રોજ મહાપ્રભુજી વલ્લભાચાર્ય આવતા. સૂરદાસના પદો અને ભજનો, સાંભળી તેઓ પ્રસન્ન થતાં. એક દિવસ તેમણે સૂરદાસને શિખામણ આપી, "તું તારા પદો અને ભજનોમાં શ્રીકૃષ્ણની અદ્‌ભૂત લીલાનું વર્ણન કર."



સૂરદાસે કહ્યું, "મહાપ્રભુજી, મેં જેનો અનુભવ નથી કર્યો, એનું વર્ણન કેવી રીતે કરું ?" મહાપ્રભુજીએ સૂરદાસને એ અનુભવ કરાવ્યો. સૂરદાસે કૃષ્ણલીલાનું વર્ણન સાંભળીને જે પદો રચ્યા તે ભક્તિ સાહિત્યમાં અમર બની ગયા. સૂરદાસની અનન્ય ભક્તિ અને આરાધનાથી મહાપ્રભુજી ખૂબ રાજી થયા અને સૂરદાસને દિલથી આશીર્વાદ આપ્યા કે " તમારી અનન્ય ભક્તિના કારણે દૈવી કૃપા તમારા પર વરસી છે. લાખ શું, સવા લાખ પદ તમે રચશો !"

સૂરદાસની કીર્તિ સાંભળી દિલ્હીના બાદશાહ અકબર એમનાં કીર્તન સાંભળવા મથુરા ગયા. ત્યાં એમણે સૂરદાસને નિમંત્રણ આપી બોલાવ્યાને એમનાં કીર્તન સાંભળ્યાં. સાંભળીને તેઓ અત્યંત ખુશ થયા અને કહ્યું, "સૂરદાસ, કંઈ માગો !" સૂરદાસે કહ્યું, "એટલું માંગુ છું કે ફરી કદી મને બોલાવતા નહીં !"

બાદશાહ સમજી ગયો કે જે ભગવાનની આગળ માંગતો નથી એ મારી આગળ શાનો હાથ લાંબો કરે ? સૂરદાસને મનોમન વંદન કરી બાદશાહ પાછા ફર્યા.

એકવાર સૂરદાસ ગોકુલમાં હતા. તેવામાં કેટલાક ગોસ્વામી બાળકોને થયું કે સૂરદાસ આંખે દેખતા નથી, છતાંય ઠાકોરજીની શોભાનું વર્ણન કેવી રીતે કરતા હશે ? તેથી તેમની પરીક્ષા કરવા એક દિવસ તેમણે ઠાકોરજીને કંઈ વસ્ત્ર પહેરાવ્યા જ નહીં ને સૂરદાસને કહ્યું, "સૂરદાસજી, આજે ઠાકોરજીની શોભાનું વર્ણન કરો !"

સૂરદાસજીએ ઠાકોરજીનું આબેહુબ વર્ણન કરીને કીર્તન ગાયું. સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. આ વાતનો ખુલાસો આપતા સૂરદાસે કહ્યું, "જે આંખમાં ભગવાન વસ્યા, એ આંખે ભગવાન સિવાય બીજું કંઈ દેખાય જ નહીં."

જીવનની છેલ્લી પળ સુધી તેમણે પ્રભુ કીર્તન રચ્યાં ને ગાયાં. ઈ.સ. ૧૫૬૩માં, એંસી વર્ષની ઉંમરે એમણે દેહ છોડ્યો. પ્રભુ પ્રત્યેની એમની અદ્‌ભૂત આરાધનાનો અર્ક એમના પદોમાં દેખાય છે. આજે પણ તેઓ તેમના પદો દ્વારા આપણી સાથે જ છે.



# મીઠી યાદેં

*એક વખત દાદાદર્શનમાં બાળકોની શિબિર હતી. વેકેશનનો સમય હતો, તેથી એક બ્રહ્મચારી બહેન ત્યાં વેકેશન કરવા ગઈ હતી. શિબિરમાં ઘણું કામ હોવાથી એ સેવામાં જોડાઈ. બાળકોને ઉતારા આપવાના હોય એ ફલેટો સાફ કરવા એ ગઈ.*

*ફલેટ કોઈ પૈસાદાર વ્યક્તિનો હતો. એમણે કહેલું કે સાફ કરતી વખતે વધારાની વસ્તુઓમાં તમને*

જે યોગ્ય લાગે તે રાખજો, બાકીની ડસ્ટબીનમાં કાઢી નાખજો અથવા તમને જરૂર હોય તો તમે લઈ જજો. બીજી વસ્તુઓ ગોઠવીને મૂકી દેજો.

ફ્લેટમાંથી નોટબુક્સ અને પેન મળ્યા જે આ બહેનોએ લઈ લીધા કે, આપણને ઓફીસમાં કામ લાગશે લખવા માટે. પછી સાફ કરતા કરતા એક ખુણામાં એક ચાંદીનો રખડતો સિક્કા જેવો સિમ્બોલ હતો. એ જોઈને આ બહેનને થયું, આ હું લઈ લઉં કેમ કે આવા મોટા લોકોને આની કશી કિંમત ના હોય. આ તો રખડે છે. એમ કરીને એણે એ લઈ લીધો. ઘર સાફ કરી ઘરના માલિકને ચાવી આપી તેઓ રવાના થયા.

એ ભાઈના પત્ની દાદાની વિરુધ્ધ હતા, એમને આવું બધું લઈ ગયા છે એની જ્યારે ખબર પડી ત્યારે એમના પતિને કહ્યા વગર એમની દીકરીને લઈને દાદાદર્શન આવ્યા અને નીરુમાને મોટે મોટેથી આક્ષેપો આપવા લાગ્યા કે તમે લોકો અમારા ઘરમાંથી બધી વસ્તુઓ પૂછ્યા વગર લઈ ગયા, અમને જરૂર હતી. નીરુમાને વાતની કંઈ ખબર નહીં પણ પેલા બહેન એટલા ગુસ્સામાં હતા એટલે સામે કંઈ પણ કહ્યા વગર ચૂપચાપ સાંભળી લીધું.

પેલા મા-દીકરી ગયા પછી, પેલી બહેન, જે બધું લઈ આવી હતી, એનાથી રહેવાયું નહીં. છતાં એ નીરુમાને કહી ન શકી. અંતે બે ત્રણ દિવસ પછી સહન ન થતાં એ ત્યાંથી લઈ આવેલી બધી વસ્તુઓ નીરુમા પાસે લઈ જઈને દેખાડતાં કહ્યું, "અમે આ સ્ટેથોસ્કોપ લાવ્યા છીએ, ઓફિસમાં કામ આવે એ માટે બુક્સ અને પેન લાવ્યા છીએ."

છેલ્લે પછી પેલો ચાંદીનો સિમ્બોલ નીરુમાને હાથમાં આપતા કહ્યું, "આ તો હું જ લાવી હતી. હવે હું આનું શું કરું?"

નીરુમાએ ખૂબ શાંતિથી કહ્યું, "આ ચોરી કહેવાય."

પેલી બહેને દલીલ કરી, "હું તો પૂછીને લાવી છું. બધાએ કીધું એટલે મેં લીધો છે. આ તો સાવ કચરામાં પડ્યો હતો."

નીરુમાએ સમજાવતા કહ્યું, "ના, પણ એના માલિકને દુઃખ તો થયું ને! દુઃખ થયું એટલે એની ઈચ્છા નહોતી. એને પુછ્યા વગર આપણે લીધું એટલે ચોરી કહેવાય."

બહેન થોડી શાંત પડી. એણે નીરુમાને પૂછ્યું, "હવે હું આનું શું કરું?"

નીરુમાએ કહ્યું, "આને તું કોઈ મંદિરમાં મૂકી દેજે. અને હવે ફરી ના થાય એવો નિશ્ચય કરજે. ક્યારેય કોઈને પૂછ્યા વગર ના લેવાય. આ વસ્તુની આપણે શી જરૂર છે? હવેથી ધ્યાન રાખજે અને આના પંદર દિવસ પ્રતિક્રમણ કરજે."

આખા પ્રસંગમાં પેલી બહેનને એ ટચ કરી ગયું કે આટલી મોટી ભૂલ કરી તો પણ નીરુમા કે દિપકભાઈ કશું બોલ્યા નહીં અને જાણે કશું થયું જ ન હોય એવી રીતે અમને સમજાવીને પ્રેમથી પાછા મોકલ્યા. પોતે મૂંગે મોઢે આક્ષેપો જીરવી લીધા.

આ બધું જોઈ પેલી બહેનનો પસ્તાવો અનેક ગણો વધી ગયો. નીરુમાના કહ્યા પ્રમાણે એણે પંદર દિવસ ખૂબ હાર્ટિલી પ્રતિક્રમણ કર્યા અને નક્કી કર્યું કે આજ પછી કોઈને પૂછ્યા વગર ક્યારેય કંઈ લેવું જ નથી.

અને એ દિવસથી એને કોઈ પણ ભૂલ થાય તો નીરુમાને તરત કહી દેવાની હિંમત આવી ગઈ.

આવા છે આપણા નીરુમા !!! વધુ શું કહીએ ? બસ, આપણે પણ એમનું જોઈને શીખીએ અને એમના જેવા થઈએ.

# જીવંત ઉદાહરણ


દાદાશ્રી કહે છે કે : રાવણ પૂજ્ય છે. ખાસ પૂજા કરવા જેવાં રાવણ છે. તેના અહીંયા, આ હિન્દુસ્તાનમાં લોકોએ પૂતળાં બાળ્યાં, ઊંચા પૂતળાં કરીને ભયંકર રીતે બાળે છે ને. આવા રાવણ, તેનેય હિન્દુસ્તાનનાં લોકોએ વગોવ્યા. રામનું નામ સારું દેખાડવા માટે આમને વગોવ્યા. અને આપણાં શાસ્ત્રોમાં પૂછવા જાય કે એમનો નંબર શું લાગે ? ત્રેસઠ શલાકા પુરૂષોમાં છે એ. જે ચોવીસ તીર્થંકરોએ એક્સેપ્ટ કરેલા એવા શલાકા પુરૂષોમાં છે એ. શલાકા પુરુષો એટલે જેને ભગવાને મહોર મારી કે ભગવાન થવાને લાયક છે બધા. ભવિષ્યમાં અરિહંત થવાના છે. એમનું અવળું બોલીને જોખમદારી શું કરવા વહોરે છે ?

રાવણ માટે તો એવું કહેવાય છે કે

'રાવણ હતો કેવો શાસ્ત્ર વક્તા<br>
નવે ગ્રહો એની નિકટમાં રહેતા !!'

રાવણમાં એક અહંકારની જ નબળાઈ હતી. બાકી બધી રીતે પૂજવા યોગ્ય હતા. સીતામા ને એમણે ક્યારેય ખરાબ દૃષ્ટિથી જોયા નહોતા કે અડ્યા નહોતા. આવા રાવણના હિન્દુસ્તાનના લોકો પૂતળા કરીને બાળે, તે કોઈને પૂછવાય જતું નથી. પછી વિધા જતી જ રહેને !





# અને છેલ્લે છેલ્લે...

પૂજ્યશ્રી બહારગામ સત્સંગ દરમ્યાન એક મહાત્માના ઘરે ઊતર્યા હતા. એમનું ચોખ્ખુંચટ ઘર જોઈને એમની સાથે જે બ્રહ્મચારી ભાઈ હતા, એમને નવાઈ લાગી. એમણે એ મહાત્માને પૂછ્યું કે, તમે આ ઘરમાં બહુ રહેતા નથી છતાં તમારું ઘર બહુ જ ચોખ્ખું છે. જાણે રોજ સાફ થતું હોય.

મહાત્મા બહેને જવાબ આપ્યો, મને જ્ઞાન લીધાને દસ વર્ષ થયા. ત્યારથી મને ભાવ હતો કે પૂજ્યશ્રી મારા ઘરે આવે અને રોકાય.

આથી જેમ શબરી એ આશામાં રોજ એનું ઘર ચોખ્ખું રાખતી કે આજે ભગવાન રામ મારા ઘરે આવશે, એમ હું પણ છેલ્લા દસ વર્ષથી રોજ શબરીની જેમ પૂજ્યશ્રીની રાહ જોતી હતી કે એક દિવસ પૂજ્યશ્રી મારા ઘરે આવશે અને રોકાશે. અને એ આશાએ હું રોજ ઘર સાફ કરતી હતી.

## આ છે જ્ઞાનીની આરાધના !!

Akram Express

October 2015
Year : 8, Issue : 2
Conti. Issue No.: 86

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month





જન્માષ્ટમીના દિવસે અડાલજ ખાતે પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રીકૃષ્ણ જન્મની ભવ્ય ઉજવણી.





અમરાવતીમાં બાળકો દ્વારા પૂજ્યશ્રીનું ઉષ્માભેર સ્વાગત





<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.